# સાબરકાંઠા - અરવલ્લી



## અલવા ગામ નજીક ડમ્પીંગ ઝેરી કેમિકલ સાઈટની સૂચિત મંજુરી સામે વધતો પ્રચંડ રોષ

### ૧૬ ગામના ખેડૂતલ સહપરિવાર પર્યાવરણીય લોકસુનાવણીના વિરોધમાં ઉમટી પડશે : બલિદાન આપશું પરંતુ ઝેરી કેમિકલ પ્લાન્ટ શરૂ કરવા નહિ દઈએ

બાયડ તા.૨૪

બાયડ તાલુકાના અલવા ગામના સીમાડાના સર્વે નં.૧૨૫/૧/ ૨/૩ માં સૂચિત ઝેરી કેમીકલ ડમ્પીંગ સાઈટને મંજુરી આપવા માટે આગામી તા.૨૮ જાન્યુઆરીએ પર્યાવરણીય લોકસુનાવરણીનું બપોરે ૧૨ વાગે સૂચિત સ્થળે યોજાવાની છે ત્યારે આ વિસ્તારના ખેડૂતોએ ઝેરી કચરાની ડમ્પીંગ સાઈટ શરૂ કરવા નહિ દઈએ તેવો ટંકાર કરી બલિદાન આપશું પરંતુ અમારી જમીન અને માનવસૃષ્ટિને બરબાદ થવા નહિ દઈએ તેમ જણાવ્યું છે. જ્યારે આંદોલનમાં કૂદી પડનારા તકસાધુઓને અમે અંદરખાને ઓળખ્યા છે તેવું કેટલાંક ખેડૂતોએ જણાવ્યું છે. આગામી શનિવાર ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અને વહિવટીતંત્ર માટે એસિડ ટેસ્ટ સમાન બની રહેશે. જ્યારે કોરોનાના કારણે ૪ વ્યક્તિઓથી વધુ લોકોના ભેગા થવા ઉપર પ્રતિબંધ હોવા છતાં પર્યાવરણીય લોકસુનાવણી મુલત્વી રાખવાના બદલે યોજવા માટે પ્રદુષણ નિયંત્રણ બોર્ડ કેમ અધિરું બન્યું છે તેની સમજ પ્રજામાં આવી ગઈ છે. અંદરખાને મોટાપાયે ભ્રષ્ટ્રાચારની આશંકા પણ વ્યક્ત થઈ રહી છે.




પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં પ્રદુષણ આંકતા એકમો પાસેથી પગલાં ભરનારું એકમ જ પૈસા ખંખેરીને પાછલા બારણે ઢીલી નીતિ અપનાવતા હોવાના આરોપ લાગેલા છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા પ્રદુષણ નિયંત્રણ બોર્ડ વિભાગના બહુ પંકાયેલા અધિકારીઓએ પ્રજા પ્રદુષણમાંથી બહાર આવે તેવા એકેય પગલાં ભર્યા નથી અને માત્ર નોટીસો ફટકારી કામગીરી કરી રહ્યાના દેખાડા કર્યા છે. વાસ્તવમાં નોટીસ પ્રદુષણ નિયંત્રણ બોર્ડના ભ્રષ્ટ અધિકારીઓ માટે ખીસાં ભરવાના ખેલ સમા બની ગયાં છે. ત્યારે આ વખતે ભ્રષ્ટ તંત્રનો પરપોટો ફૂટવાનો હોય તેવું જણાઈ રહ્યું છે. બાયડ તાલુકાના અલવાગામ નજીક મેસર્સ નરોડા એન્વાયરો પ્રોજેક્ટ લિમીટેડ દ્વારા ઝેરી ડમ્પીંગ કચરો ઠાલવવા માટે જમીન ખરીદ્યા પછી અધિકારીઓ અને મળતિયાઓને સાચવી લઈને પોતાને મંજુરી મળી જાય તેવો ખેલ શરૂ કર્યો પરંતુ આ વિસ્તારના ખેડુતો અને ગ્રામ પંચાયતે ઝેરી ડમ્પીંગ સાઈટ નિકાલ પ્રોજેક્ટ શરૂ થાય તો આ વિસ્તારની જમીનો ફળદ્રુપતા ગુમાવશે, ભૂગર્ભ પાણી દુષિત થશે જેથી લોકો અનેક ગંભીર રોગનો શિકાર બને તેવી દહેશત છે .આ સંજોગોમાં કોઈપણ ભોગે ઝેરી કચરો ઠાલવવાની ડમ્પીંગ સાઈટ શરૂ કરવા નહિ દઈએ તેવો નિર્ધાર વ્યક્ત કરી કડકડતી ઠંડીમાં પણ ૧૬ ગામના ખેડૂતોએ ગામેગામ મુલાકાત કરી તા.૨૮ જાન્યુઆરીએ યોજાનારી પર્યાવરણીય લોકસુનાવણી મુલત્વી રાખવા તંત્ર સમક્ષ માંગ કરી છે પરંતુ માત્ર ખીસાં ભરવા સિવાય બીજો કોઈ ઈરાદો ન હોય તેવા તંત્રએ કોરોનાનું કારણ આગળ ધરી સુનાવણી મોફૂફ રાખવાના બદલે પ્રજા અને ખેડૂતોની ઉપરવટ જઈને લોકસુનાવણીનું આયોજન કરતાં તંત્ર અને ખેડૂતો વચ્ચે મોટું ઘર્ષણ થાય તેવો ભય ઉભો થયો છે. આ વિસ્તારના ખેડુતોનો પ્રચંડ આક્રોશ જોતાં લોકસુનાવણી દરમ્યાન ભ્રષ્ટ્ર અધિકારીઓને ઉભી પૂછડીએ ભાગવું પડે તેવી સંભાવના હાલ દેખાઈ રહી છે. જ્યારે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ખેડૂતોના વિરોધને નજરઅંદાજ કરીને કોઈપણ ભોગે લોકસુનાવણી આટોપી લેવાની ખંધીર નીતિ અખત્યાર કરી પર્યાવરણીય સુનવણી અંગે વાહન મારફતે ગામડાંઓમાં પ્રજાને જાણ કરવાનો પ્રયાસ કર્યો છે પરંતુ લોકસુનાણીમાં ઉપસ્થિત રહેવા કોઈને પણ જણાવ્યું ન હોવાનું જાણવા મળ્યું છે. રાજ્યની ભાજપ સરકાર અલવાગામ નજીકના ખેડૂતોની નુકસાન કરે તેવા ઝેરી કેમિકલ ઠાલવવાની સૂચિત ડમ્પીંગ સાઈટને રદ નહિ કરાવે તો આગામી વર્ષના અંતમાં યોજાવાની વિધાનસભા ચુંટણીમાં બાયડ અને મોડાસા વિધાન સભા બેઠક ઉપર ગંભીર પરીણામો ભોગવવા તૈયાર રહેવું પડશે તેવું ખેડુતોએ જણાવ્યું છે.

## અલવા નજીક ડમ્પિંગ સાઈટનો વિરોધ કરી રહેલા ખેડૂતોને અદેસિંહ ચૌહાણનું સમર્થન

### ખેડૂતોની જમીન નકામી બનવા નહીં દઉં, જરૂર પડે હાઈકોર્ટના દ્વાર ખટખટાવીશું

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૪

બાયડ તાલુકાના અલવા નજીક નરોડાની કંપની દ્વારા ઝેરી કચરાના નિકાલ માટેની સૂચિત ડમ્પિંગ સાઈટ ઉભી કરવાની હિલચાલ પછી આગામી શનિવારે લોક સુનાવણી યોજાવવાની છે ત્યારે પંથકના ખેડૂતો અને આગેવાનો ડમ્પિંગ સાઈટનો વિરોધ કરી રહ્યા છે. ભાજપ અગ્રણી એડવોકેટ અદેસિંહ માનસિંહ ચૌહાણે સોમવારે ડમ્પિંગ સાઈટનો વિરોધ કરી રહેલા ખેડૂતોને પોતાનું ખુલ્લું સમર્થન જાહેર કર્યું હતું અને કોઈપણ સંજોગોમાં ડમ્પિંગ સાઈટ શરુ નહીં થવા દેવાય તેવો ટંકાર કરી જરૂર પડે હાઈકોર્ટના દ્વાર ખટખટાવવાનો પોતાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.



પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકામાં છેલ્લા એક પખવાડીયાથી અલવા નજીક ઝેરી કચરાના નિકાલ માટેની સૂચિત ડમ્પિંગ સાઈટનો જોરદાર વિરોધ થઈ રહ્યો છે. ખેડૂતોના સમર્થનમાં એક પછી એક ભાજપના આગેવાનો સામે આવી રહ્યા છે. અગાઉ પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ ડમ્પિંગ સાઈટનો વિરોધ કરવાની સાથે હવે ભાજપના મોટાગજાના આગેવાન અદેસિંહ ચૌહાણે પણ અલવા, અલવાકંપા સહિતના આસપાસના ૧૬ થી વધુ ગામોના ખેડૂતોની લડતને પોતાનું સમર્થન જાહેર કરી ડમ્પિંગ સાઈટ ઉભી થાય તો ભાવિ પેઢીને અને ખેતીને નુકસાન થાય તેમ છે જેથી સવિનય તેનો વિરોધ કરવો અને આગામી તા.૨૮ જાન્યુઆરીએ લોક સુનાવણી દરમ્યાન પોતે સમર્થકો સાથે ઉપસ્થિત રહી ડમ્પિંગ સાઈટનો વિરોધ કરશે તેમ જણાવ્યું છે.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં જાહેર ટોયલેટની સુવિધા ન બરાબર

### ખુલ્લામાં પેશાબ કરવાની કુટેવથી નિર્મળ ગુજરાતને ધક્કો

બાયડ, તા.૨૪

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં નિર્મળ ગુજરાતની ઉજવણી પછી પણ કેટલીક પાયાની સુવિધાઓનો અભાવ જાહેર જગ્યાઓએ જોવા મળતો હોય તેમ જિલ્લામાં જાહેર ટોયલેટની સુવિધા ન બરાબર બની રહેતાં ખુલ્લામાં પેશાબ કરવાની પ્રથા ચાલુ રહી છે. જ્યારે તાલુકા મથકો ઉપર પે એન્ડ યુઝ ટોયલેટ એસ.ટી. બસ સ્ટેશનો નજીક જ ઉભાં કરાતાં બજારોમાં ખરીદી માટે આવતી પ્રજાને પેશાબ કરવા માટે ખુલ્લી જગ્યા શોધવાની ફરજ પડતી હોય છે. જિલ્લામાં વસ્તી વધારો થઈ રહ્યો છે પરંતુ જાહેર ટોયલેટની સંખ્યા વધતી ન હોવાથી ખુલ્લામાં પેશાબ કરવાની કુટેવથી નિર્મળ ગુજરાતને ધક્કો પહોંચ્યો છે.

જિલ્લામાં શિક્ષણનું સ્તર વધવાની સાથે પ્રજાની જીવન શૈલીમાં પણ બદલાવ આવ્યો છે પરંતુ કેટલીક કુટેવો શિક્ષિત સમાજમાં અભદ્ર હોવા છતાં સામાન્ય બની રહી છે. જિલ્લામાં જાહેરમાં પાન-ગુટખા ખાઈને ગમે ત્યાં થૂંકી રસ્તાઓ તથા જાહેર સ્થળોની દિવાલો બગાડવી તે એક સામાન્ય બાબત બની રહી છે. તે જ રીતે જાહેરમાં ધુમ્રપાન કરવું તે કાયદેસરનો ગુનો બનતો હોવા છતાં આજે પણ અનેક બીડી-સિગારેટના બંધાણીઓ અન્ય લોકોના સ્વાસ્થ્યની પરવા કર્યા વિના ટેશથી બીડી-સિગારેટના કસ ખેંચતા જોવા મળી રહ્યા છે. જિલ્લામાં આ પ્રકારની કુટેવો સામાન્ય બની રહી છે ત્યારે સમાજમાં અભદ્ર હરકતમાં ગણી શકાય તેવી ખુલ્લામાં પેશાબ કરવાની કુટેવથી તો ભઈ તોબા જ તોબા જિલ્લામાં જાહેર ટોયલેટોના અભાવથી અનેક લોકો ખુલ્લામાં શૌચક્રિયા કરવા માટે મજબૂર બની રહ્યા છે. જો કે જિલ્લાના દરેક તાલુકા મથકો ઉપર પે એન્ડ યુઝ ટોયલેટ ઉભાં કરવામાં આવ્યાં છે પરંતુ ખરીદીના મુખ્ય કેન્દ્રો આસપાસ ક્યાંય ટોયલેટની સુવિધા ન હોવાથી ખરીદી માટે તાલુકા મથકો ઉપર જતા લોકો ન છૂટકે ખુલ્લામાં પેશાબ કરવા માટે મજબૂર બની જતા હોય છે. જિલ્લાના એસ.ટી. બસ સ્ટેશનોમાં ટોયલેટની સુવિધા હોવા છતાં એસ.ટી. બસ સ્ટેશનો નજીક જ પે એન્ડ યુઝ ટોયલેટ ઉભાં કરી દેવાતાં આવા ટોયલેટ ન બરાબર બની રહ્યા છે. સામાન્ય રીતે પ્રજાનો જ્યાં વધુ ધસારો રહેતો હોય અને આસપાસમાં ક્યાંય શૌચક્રિયા થઈ શકે તેવી જગ્યા ન હોય તેવા સ્થળે ટોયલેટ ઉભાં કરવાં જોઈએ પરંતુ જિલ્લામાં તેમ થયું ન હોવાથી આજે પણ ખુલ્લામાં પેશાબ કરવાની પ્રથા જૈસે થે રહેતાં મજબૂરીવશ લોકો શરમને નેવે મૂકી ખુલ્લામાં પેશાબ કરવા માટે ટેવાઈ ગયા છે જેમાં ક્યારેક રસ્તે પસાર થતી મહિલાઓ પણ આવી અભદ્ર કુટેવથી ક્ષોભજનક સ્થિતિમાં મૂકાઈ જતી હોય છે. જિલ્લામાં નિર્મળ ગ્રામની ઉજવણી સમયે જો જાહેર ટોયલેટની સુવિધાઓને પ્રાધાન્યતા આપી જિલ્લામાં વધારાનાં જાહેર ટોયલેટ ઉભાં કરવામાં આવ્યાં હોત તો આજે જે રીતે ખુલ્લામાં પેશાબની પ્રવૃત્તિથી નિર્મળ ગુજરાતને ધક્કો લાગી રહ્યો છે તે કદાચ લાગ્યો ન હોત. ટૂંકમાં જિલ્લામાં વસ્તી કુદકે ને ભૂદકે વધી રહી છે અને તાલુકા મથકો ઉપર તો ખરીદી માટે ગામડાંની પ્રજા મોટી સંખ્યામાં આવતી હોવાથી અને તેની સામે જાહેર ટોયલેટની સુવિધા ન બરાબર હોવાથી જિલ્લામાં વધારાનાં નવા જાહેર ટોયલેટ ઉભાં કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

### એસ.ટી. ડેપોના શૌચાલયોમાં સ્વચ્છતાનો અભાવ

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં એસ.ટી. બસ સ્ટેશનોનાં શૌચાલયો મુસાફરો માટે સુલભતા ભર્યાં બની રહ્યાં હતાં પરંતુ છેલ્લા કેટલાક સમયથી એસ.ટી. ડેપોના શૌચાલયોની દુર્દશા શરૂ થઈ હોય તેમ શૌચાલયના બારણાંના દરવાજાનાં પણ ઠેકાણાં હોતાં નથી જ્યારે નિયમિત રીતે સફાઈ થતી ન હોવાથી શૌચાલયોનો ઉપયોગ કરવાનું લોકો ટાળતા હોય છે. મોટા ભાગના એસ.ટી. ડેપોના શૌચાલયો ગંદકીનો પર્યાય બની રહેતાં ન છૂટકે લોકો ખુલ્લામાં શૌચક્રિયા કરવા માટે મજબૂર બની રહેતા હોય છે.

### વિજય સુવાળા વિરૂધ્ધ ફરિયાદ નોંધવા રજુઆત

## પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં સમગ્ર અનુસુચિત જાતિ સમાજ દ્વારા આવેદનપત્ર અપાયુ

### વિજય સુવાળાએ વિડીયો વાયરલ કરતા અમારા સમાજની લાગણી દુભાયેલ છે : વિડીયો ફેસબુક, યુ-ટ્યૂબમાંથી ડીલેટ કરવા માંગ

પ્રાંતિજ તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે અનુસુચિત જાતિ સમાજના લોકો દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા ભાજપના વિજય સુવાળા વિરૂધ્ધ લેખિતમા ફરીયાદ નોધવા માટે પ્રાંતિજ પોલીસને લેખિતમા રજુઆત કરી છે.




તાજેતરમાં જ ભાજપમા જોડાયેલા ગીતકાર વિજય સુવાળાએ અનુસુચિત જાતિ અને દેવીપૂજક સમાજને વિવાદિત ટીપ્પણી સાથેનો વિડીયો બનાવીને વિડીયો વાયરલ કરતા વિડીયોને લઈને વિવાદ વકર્યો છે અને વિડીયોને લઈને કોંગ્રેસના ગુજરાત પ્રદેશ મહામંત્રી રેખાબેન સોલંકીએ જાહેરમાં માફી માંગવાની માંગ કરી છે અને જો વિજય સુવાળા માફી નહી માગે તો આંદોલનની સાથે પોલીસ ફરિયાદ કરાશે ત્યારે આજે પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે અનુસુચિત જાતિ અને દેવીપૂજક સમાજના લોકો તથા કોંગ્રેસ કાર્યકરો દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે આવી વિજય સુવાળા વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરી પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે લેખિતમાં ફરિયાદ નોધવા બાબતે લેખિતમાં રજુઆત કરવામા આવી હતી અને પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીએસો સુરેખાબેનને મૌખિક રજુઆતો કરી લેખિતમાં રજુઆતો કરી હતી અને જણાવ્યુ હતુ કે વિજય સુવાળા દ્રારા આ વિડીયો વાયરલ કરી અમારા સમાજની લાગણી દુભાયેલ છે અને તે પ્રાંતિજ ખાતે આવી માફી માગે અને આ વિડીયો ફેસબુક, યુટુબ વગેરેમાથી તાત્કાલિક ધોરણે ડીલેટ કરે અને માફી નહી માગે તો આવનાર દિવસોમા આંદોલન ની ચિમકી પણ ઉચ્ચારી હતી અને વિજય સુવાળા વિરૂધ્ધ આ બાબતે કાયદેસર ની કાર્યવાહી કરવા લેખિત મા રજુઆત સાથે જાણ કરી હતી તો આ પ્રસંગે ગુજરાત પ્રદેશ મહામંત્રી રેખાબેન સોલંકી, અનિલભાઈ પટેલ, નૂતનભાઈ પરમાર, નીરૂબેન પટેલ, વિનય પટેલ, જયંતિભાઈ સોલંકી સહિત દેવીપૂજક સમાજના લોકો અને અનુસુચિત જાતિ સમાજના લોકો ઉપસ્થિત રહીને વિજય સુવાળા વિરૂધ્ધ લેખિતમા ફરિયાદ નોંધવા રજુઆત કરી હતી.

## અલણાના ગૌચરમાં ખેડૂતે છાંટેલી ઝેરી દવાથી ૪ બકરાંના મોત

### આંબલિયારા પોલીસે બોરડીટીંબા કંપાના ખેડૂત સામે ગુનો નોંધ્યો

બાયડ, તા. ૨૪

બાયડ તાલુકાના અલાણા ગામની સીમમાં ગૌચરમાં ખેડૂતે છાંટેલી ઝેરી દવા બાદ ચારો ચરવાથી ૪ બકરાં ઝેરી દવાની અસરી મોતને ભેટતાં આંબલિયારા પોલીસેોરડીટીંબા કંપાના ખેડૂત સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.



તાલુકાના અલાણા ગામના વિરમભાઈ વિહાભાઈ દેસાઈએ આંબલિયારા પોલીસ સ્ટેશને આપેલી ફરિયાદ મુજબ તેઓ અને મેલાભાઈ જુગાજી ઠાકોરનાં બકરાં છેલ્લાં કેટલાક સમયથી અલાણા ગામની સીમના ગૌચરમાં ચારો ચરવા માટે લઈ જવાતા હતા. જ્યાં તા. ૨૧ના રોજ કુલ ૬૬ બકરાં ગૌચરમાં ઉગેલું ઘાસ ચરી રહ્યા હતા જે દરમિયાન બોરડીટીંબા કંપાના ખેડૂત જગદીશ ગંગારામભાઈ પટેલે ગૌચરની જમીનમાં ઝેરી દવા છાંટી હોવાથી બકરાં ઝેરી ઘાસચારો આરોગી ગયાં જેમાં ૪ બકરીઓને ઝેરી દવાની અસર થતાં ગૌચરમાં જ તરફડીયાં ખાઈને મોતને ભેટી હતી. ઝેરી દવાની અસરથી માલધારી પરિવારને રૂ. ૬૦ હજારનું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે જેથી પોલીસને ફરિયાદ આપવામાં આવી છે.



### બનાસકાંઠા જિલ્લામાં આજે વહેલી સવારે વાતાવરણમાં ધુમ્મસ છવાતાં વાહનચાલકો પરેશાન

બનાસકાંઠા જિલ્લામાં આજે શનિવારે વહેલી સવારથી જ ધુમ્મસભર્યુ વાતાવરણ છવાતાં વાહનચાલકો પરેશાન થયા છે. હાઈવે પર વિઝિબિલિટી ઘટતા વાહનચાલકોને હાલાકી પડી રહી છે. જેમાં હાઈવે પર વાહનચાલકોને લાઈટ ચાલુ રાખી પસાર થવાની ફરજ પડી રહી છે. બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે દિવસ અગાઉ હવામાન વિભાગની આગાહીને લઈ જિલ્લામાં અનેક વિસ્તારોમાં વરસાદી છાંટા પડ્યા હતા. જેમાં જિલ્લામાં આજે શનિવારે વહેલી સવારથી જ વાતાવરણમાં ધુમ્મસ છવાતાં આકાશી કોહરામ જામ્યો હતો. જેને લઈ નેશનલ હાઈવે પર વિઝિબિલિટી ઘટતા વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વાહનચાલકો લાઈટ ચાલુ રાખી વાહનો લઈ પસાર થવા મજબૂર બન્યા હતા. ધુમ્મસવાળા વાતાવરણના કારણે નજીકના અંતરથી પણ કશું દેખાતું નહોતું.

## ધાનેરાની ઉપવેદ સ્કૂલ દ્વારા સ્પોર્ટ્સ ડે ની ઉજવણી કરાઈ

ધાનેરા ની ઉપવેદ સ્કૂલમાં અભ્યાસ કરતા ધોરણ ૯ થી ૧૨ ના બાળકો તેમજ વાલીઓની ઉપસ્થિતિમાં આજે ધાનેરા થરાદ રોડ પર આવેલ ગ્રાઉન્ડમાં ઉપવેદ સ્કૂલ દ્વારા સ્પોર્ટ ડે ની ઉજવણી કરવામાં આવી હતી આ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા તે આ કાર્યક્રમમાં સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકો તેમજ વાલીઓએ પણ ભાગ લીધો હતો આ કાર્યક્રમમાં સ્કૂલના એમડી મયુરભાઈ સ્કૂલ સ્ટાફ વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ધાનેરા ૧૦૮ની ટીમ દ્વારા સરાલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને માહિતગાર કરાયા

ધાનેરા ૧૦૮ના ઈ એમ ટી પ્રવીણભાઈ નાઈ અને પાયલોટ ખેતાભાઈ ચૌધરી દ્વારા આજે ધાનેરા તાલુકાની સરાલ પ્રાથમિક શાળા ખાતે બાળકોને ૧૦૮ થી માહિતગાર કર્યા હતા ૧૦૮ ની ટીમ દ્વારા



શાળામાં જઈ શાળાના તમામ બાળકો ને બેસાડી ૧૦૮ લોકોને કેવી રીતે સેવા આપી રહી છે તેમ જ ઈમરજન્સી સમયે શું કરવું જોઈએ તેવા વિવિધ મુદ્દાઓ થી શાળાના બાળકોને માહિતગાર કર્યા હતા આ પ્રસંગે ૧૦૮ની ટીમ સહિત શાળા સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં બાળકો ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોએ પણ શાંતિપૂર્ણ રીતે ૧૦૮ ટીમની કામગીરીને સમજી હતી.